SANDESH SUNDAY, 26•11•2017

# GNFC એ દેશની ૧૫૮ કંપનીઓને પાછળ રાખી સ્કેલ એવોર્ડ મેળવ્યો

## પરિવહન કિંમતમાં ૧૩ ટકા ઘટાડા સાથે ૯૯.૯૯ ટકા ચોકસાઈ હાંસલ

ભરૂચ.તા.૨૫

ભરૂચ જીએનએફસી કંપનીએ હૈદરાબાદ ખાતે કોનફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજીત કાર્યક્રમમાં દેશની ૧૫૮ કંપનીઓને પછાડી સપ્લાય ચેઈન એન્ડ લોજીસ્ટીક એકશલન્સ એવોર્ડ હાંસલ કર્યો છે.

જી.એન.એફ.સી. નાણાંકીય વર્ષ માટે યુકિતપુર્વક હાથ ધરેલા બિઝનેશ પ્રોસેસમાં રિએન્જીનીયરીંગ, સપ્લાય ચેઈન ક્ષેત્રે સુધારા સાથે સરકારની નિતીઓનો તાલમેલ સાધે વર્ષ દરમ્યાન તાર્કિક રીતે પરિવહન કિંમત ૧૩ ટકા સુધી ઘટાડી છે. મુખ્ય કાચા માલ માટેની ઈન્વેન્ટરી પણ ૨.૪ ટકા સુધી ઘટાડી છે. સાથે જ સ્ટોર્સને



લગતી અન્ય સામગ્રીઓમાં ૯૯.૯૯ ટકા સુધીની ચોકસાઈ હાંસલ કરતા પરિવહન વેળા થતી નુકશાનીમાં નોંધપાત્ર ઘટાડો મેળવ્યો છે.

હૈદરાબાદ ખાતે કોન ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રી દ્વારા પ્રસ્થાપિત સ્કેલ ૨૦૧૭ એવોર્ડના સમર્પણ સમારોહમાં ૨૪ નવેમ્બરે તેલંગણાના ઉપ મુખ્યમંત્રી મહમદ મહમુદ અલીની ઉપસ્થિતિમાં કેન્દ્રના મીનીસ્ટ્રી ઓફ કોમર્સના સેક્રેટરી બિનોઈકુમારના હસ્તે જી.એન.એફ.સી.ને સ્કેલ એવોર્ડ અપાયો હતો.

જે એમ.ડી.ડો.રાજીવકુમાર ગુપ્તાએ સ્વીકાર્યો હતો. દેશની ૧૫૮ કંપનીઓની સ્પર્ધામાં જી.એન.એફ. સી.એ તેની શ્રેષ્ઠ પરિણામલક્ષી નિતીઓ વડે આ એવોર્ડ હાંસલ કર્યો છે.

દિવ્ય ભાસ્કર
રવિવાર • 26 નવેમ્બર, 2017 • 02

# ભરૂચ GNDCને સીઆઇઆઇનો સ્કેલ એવોર્ડ



ભરૂચ| ભરૂચની જીએનએફસીની કોન્ફડરેશન ઓફ ઈન્ડીયન ઈન્ડસ્ટ્રી દ્વારા સ્કેલ એવોર્ડ એનાયત કરાયો છે. જીએનએફસીએ શ્રેષ્ઠ પરિણામલક્ષી નિતિઓથી 158 કંપનીઓને મહાત આપી છે. હૈદરાબાદમાં આયોજીત સમારંભમાં એમડી ડૉ.રાજીવ ગુપ્તાએ એવોર્ડ સ્વીકાર્યો હતો.

WWW.INDIANEXPRESS.COM
THE INDIAN EXPRESS, MONDAY, NOVEMBER 27, 2017



## HONOUR – GNFC WINS CII'S SCALE AWARD

Gujarat Narmada Valley Fertilisers & Chemicals Ltd (GNFC) won the Supply Chain and Logistics Excellence (SCALE) 2017 Award, further consolidating its place as one of the best fertilizers & chemicals companies in the country. In the award ceremony, held on November 24 at Hyderabad, Dr. Rajiv Kumar Gupta IAS, Managing Director, GNFC received the award on behalf of the company. GNFC won the SCALE Award 2017 in the category of Fertilizers & Chemicals. The award recognizes the company's development and implementation of transparent, sustainable and pragmatic changes in the supply chain to optimise the process.